## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આ પાસ તો થઇ ગયો છે... પણ આપણે અને એડમીશન અપાવવામાં ફેઇલ ન થાઇએ તો સારૂ...!!!

# શહેરની સેક્ટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં રૂ.૭.૮૦ લાખની ચોરી

## ડબામાં મુકેલા સોના-ચાંદીના દાગીના રોકડા રૂપીયા લઈ મહિલાઓ ફરાર

ગાંધીનગર, તા.૧૧

શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં સવારના સમયે ૬ થી ૭ અજાણી ભિક્ષુક જેવી લાગતી મહિલાઓએ મહિલાને બાથરૂમમાં પુરુ દઈને મકાનમં પ્રવેશી સોના-ચાંદીના દાગીના કિં.૬.૮૦ લાખ અને રોકડા રૂ.૧ લાખ મળી કુલ રૂ.૭.૮૦ લાખની ચોરી કરી પલાયન થઈ ગઈ છે. નાગરીકો અને વાહન વ્યવહારથી ધમધમતા એરીયામાં આટલી મોટી રકમની ચોરી થતા જીઆઈડીસી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ત્યારે બનવા અંગે ગુનો નોંધી પોલીસે પણ અજાણી મહિલાઓને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

શહેરની સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં પ્લોટ નં. ઈ-૯૪ એક્યુરેટ કંપનીની જગ્યામાં ઓરડીમાં રહેતા સંગીતાબેન ગણપતજી ઠાકોર (ઉં.૪૬) એ નોંધાવેલી ફરીયાદ મુજબ જેઓ ઘરકામ અને છુટક મજુરી કરે છે.જયારે તેણીના પતિ ઉપરોકત કંપનીમાં સીક્યુરીટી તરીકે ફરજ બજાવતા હતા. છેલ્લા પાંચ વર્ષથી ઓરડીમાં રહે છે.જયારે સંગીતાબેનના પતિ કોરોના બિમારીમાં મૃત્યુ પામ્યા છે. જયારે સંતાનમાં એક દિકરી અને દિકરો છે, જેઓ બંન્ને પરિણિત છે.દિકરી સાસરે આદરજ ગામે રહે છે, જયારે દિકરો તેની પત્ની ફરીયાદી સાથે રહે છે. આજે સવારના સમયે કડીના અચરાસણ ખાતે બેસણમાં મા દિકરો ગયા હતા. તે સમયે દિકરાની વહુ આરતી તેની ચાર માસની દીકરી સાથે ઘરે હતી. જયારે બેસણામાંથી પરત સાડા બાર વાગે આવી જતા જમી પરવારીને વિધવા પેન્શનની ફાઈલ તૈયાર કરી રહ્યા હતા. તે સમયે જરુરી કાગળો લેવા જતા સંગીતાબેનની નજર ઓરડીમાં રહેલા પલંગ નીચે મુકેલો સ્ટીલનો ડબો જણાયો ન હતો. આ ડબામાં તેણીના, વહુના અને દિકરીના તેમજ રોકડા રૂપીયા હતા. ડબો નહી દેખાતા વહુને પુછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે વહેલી સવારના આઠેક વાગે હું બાથરૂમમાં કપડા ધોઈ રહી હતી. જયારે દિકરી હેપી રૂમમાં ઘોડીયામાં સુઈ રહી હતી. તે સમયે ઓરડી ખુલ્લી હતી. ત્યારે ભીક્ષુક જેવી લાગતી ૬ થી ૭ અજાણી સ્ત્રીઓ માંગવા માટે આવી હતી. ફરીયાદીની વહુ પાસે રૂ.૨૦ માંગ્યા હતા. પરંતુ વહુએ રૂપીયા આપવાની ના પાડતા બાથરૂમ પાસે ઉભી રહેલી બે મહિલાઓએ બાથરૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. જેથી દરવાજો ખોલવા માટે બુમો પાડતા મહિલાઓએ દરવાજો ખોલ્યો ન હતો.ત્યારબાદ કંપનીમાં કામ કરતા કર્મચારી કંપનીની ચાવી લેવા માટે અમારા ઘરે આવતા તેઓએ બાથરૂમનો દરવાજો ખોલતા વહુ બહાર આવી હતી. ત્યારબાદ ઘરમાં ઘોડીયામાં સુવડાવેલી દિકરી રડતા તેને શાંત રાખી હતી. જેથી રૂમમાં કોઈ બીજી તપાસ કરી ન હતી. જયારે ઓરડીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા ભરેલો ડબાની ચોરી કરી મહિલાઓ પલાયન થઈ જતા જીઆઈડીસી વિસ્તારમાં તેઓની શોધખોળ આદરી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નાયબ ચીટનીસ અને જુ. કલાર્ક આંતર જિલ્લા બદલીથી આવતાં નિમણુંક તેમજ બદલીનો દોર ચાલી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં સોમવારથી શરૂ થતી શાળાઓને લઈ પુસ્તકો-નોટો ખરીદવા વાલીઓ બજારમાં ઉમટ્યા.

● ગુજરાતના કરાર આધારિત, આઉટ સોર્સિંગ, રોજમદાર, અંશકાલીન કર્મચારીઓની અધિકાર સુરક્ષા એકતા શિબિર આજે રાંધેજા ખાતે સવારે ૯ થી ૪ દરમ્યાન યોજાશે.

● ગાંધીનગર જિલ્લાના ૧૨૦૦ થી વધુ મતદાન મથકો પર આજે વિસ્તારકો પહોંચી ગયા છે અને તેમને સોંપવામાં આવેલી કામગીરી પણ હાથ ધરી દીધી છે.

● સે. ૨૮માં આવેલ હાઉસીંગ બોર્ડની સોસાયટી સહિત ૧૫ થી વધુ સોસાયટીઓના રિડેવલપમેન્ટની યોજના ખોરંભે પડતાં રહીશોએ હવે આશા છોડી દીધી છે.

● વિશ્વ બાળમજૂર વિરોધી દિવસ આજે છે.


● યુકે.નું એક ડેલિગેશન તાજેતરમાં ગાંધીનગર આઈઆઈટીની મુલાકાતે આવ્યુ હતુ.

● કલોલમાં આજે સાંજે વરસાદ ધીમી ધારે શરૂ થતાં વાતાવરણમાં ઠંડકનો માહોલ જામ્યો હતો.

● રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ગાંધીનગર નજીક લવાડ ખાતે આવેલ રક્ષાશક્તિ યુનિ.ની મુલાકાત લીધી હતી.

● ભારતમાતા મંદિર ખાતે વોર્ડ નં. ૧૦ના નગરસેવકો અને હોદ્દેદારોએ વૃક્ષારોણ તથા સ્વચ્છતા અભિયાન યોજ્યું હતું.

## સાદરા સંકુલના મધ્યસ્થ ગ્રંથાલયમાં ગ્રંથ ગોઠવણી કાર્ય હાથ ધરાયું



ગાંધીનગર, તા. ૧૧

સારાં પુસ્તકો મનુષ્યનો સાચો મિત્ર છે. સ્વચ્છ પુસ્તક અને ગ્રંથ ગોઠવણી ગ્રંથાલયનું આભૂષણ છે તેવા મહાત્મા ગાંધીજીના વિચારોને સમર્થન આપવા ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ગ્રંથ ગોઠવણીનું કાર્ય જતીન સોલંકી, દિશા દવે, કિશન પંચાલ, જગદીશ સોલંકી, મયુરભાઈ નિસરતા અને મયૂર રાવળ દ્વારા હાથ ધરાયું હતું. ૪૦,૦૦૦ પુસ્તકોની સફાઈ અને ગ્રંથ ગોઠવણી માટે હરહંમેશ માટે જાગૃત રાખવાનું માર્ગદર્શન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ આપી રહ્યા છે. ગ્રામ વિસ્તારોમાં સંકુલ સાદરા જેવું ગ્રંથાલય જોવું હોય તો સાદરા ગામનું ઉદાહરણ લેવું પડે તેવા આયોજન અને વ્યવસ્થાપન દ્વારા સાદરા સંકુલના મધ્યસ્થ ગ્રંથાલયમાં ગ્રંથ ગોઠવણી કાર્ય હાથ ધરાયું.

## સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ મકાનમાંથી બે લેપટોપ, મોબાઈલ અને રોકડની ચોરી

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાં ઘરમાં ઘુસી તસ્કરો એ ગતરોજ રાત્રીના સમયે બે લેપટોપ, મોબાઈલ ફોન અને તિજોરીમાં રહેલા પાકિટમાંથી રોકડા રૂ.૧૨૦૦ મળી કુલ રૂ.૭૬,૨૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. જયારે મહિલા ઓસરીમાં સુઈ ગયા હોવા છતા ચોર શખ્સોએ ચોરીને અંજામ આપતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં.૧૦૨, બ્લોક એમ-૯ ખાતે સંતોષભાઈ વાસુદેવ સાબરે (ઉં.૪૮) પત્ની અને બે બાળકો સાથે રહે છે, અને ચાંગોદર ગતિ લિમીટેડ કંપનીમાં એકાઉન્ટ મેનેજર તરીકે છેલ્લા ૨૨ વર્ષથી ફરજ બજાવે છે. તેઓનો મોટો દિકરો ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો હોવાથી એચપી કંપનીનું નવુ લેપટોપ લઈ આપ્યું હતું. જયારે કંપની તરફથી લીનોવો કંપનીનું લેપટોપ મળતા તેઓ કંપનીનું કામ કરતા હતા. જયારે લીનોવા કંપનીનો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા. ઓફીસથી ગત તા.૯ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં સંતોષભાઈ ઘરે આવ્યા હતા. જયારે ઘરમાં રૂમમાં કંપનીનુ લેપટોપ સોફા પર મુકી જમી પરવારી નાના દિકરા સાથે તેઓ ધાબા પર સુવા માટે ગયા હતા.જયારે મોટો દિકરો તેનું લેપટોપ ચાર્જીંગમાં મુકીને પાડોશીના ઘરે વાંચવા માટે ગયો હતો. જયારે સંતોષભાઈના પત્નિ મુખ્ય દરવાજો અને ઓસરીનો દરવાજો ખુલ્લો મુકીને સુઈ ગયા હતા. તે અરસામાં ઘરમાં ઘુસીને ચોર શખ્સો કળા કરી ગયા હતા. રૂમમાં રહેલી તિજોરીમાંથી સામાન વેર-વિખેર કરી પર્સમાં મુકેલા રોકડા રૂ.૧૨૦૦ તેમજ બે લેપટોપ અને મોબાઈલ લઈ છુમંતર થઈ ગયા હતા.જયારે રાત્રીના પોણા બે વાગ્યાના સુમારે દિકરો ઘરે આવ્યો હતો અને તેણે જોયુ તો ઘરમાં સામાન વેર વિખેર હતો. અને તિજોરી ખુલ્લી હતી. ફરીયાદીને જાણ થતા ધાબા પરથી આવીને જોયુ તો કંપનીનું લેપટોપ, દિકરાનું લેપટોપ અને મોબાઈલ સહિત રોકડા રૂ.૧૨૦૦ મળી કુલ રૂ.૭૬,૨૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. ત્યારે સેકટર-૧૪ ભરચક સેકટરમાં ઘરમાં ચોરી થતા વસાહતીઓમાં ભયનુ વાતાવરણ સર્જાયું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સેકટર-૪ માં બે પાડોશી વચ્ચે થયેલ ઝઘડો પોલીસ મથકે પહોંચ્યો

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૪ બી ખાતે બે પાડોશીઓ વચ્ચે થયેલ ઝઘડો પોલીસ મથક સુધી પહોંચ્યો છે. અમારા વિશે તમે કેમ વાતો કરો છો. તેમ કહી મહિલા પર પાડોશી પરિવારના સભ્યોએ ગાળો બોલી ગડદાપાટુનો મારી જાતિ વિષયક શબ્દો બોલી અપમાનિત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મહિલાએ ત્રણ વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ બી પ્લોટ નં.૩૬૭-૨ ખાતે રહેતા શ્વેતાબેન યોગેન્દ્રભાઈ જાદવ પોતાના પરિવાર સાથે રહે છે.જયારે તેણીના પતિ સચિવાલય ખાતે પ્યુનમાં નોકરી કરે છે. ગત તા.૬ ના રોજ શ્વેતાબેન પોતાના ઘર પાસે ઉભા રહ્યા હતા અને સામે રહેતા મહિલા સાથે વાતચીત કરી રહ્યા હતા.

તે દરમિયા બાજુમાં પ્લોટ નં.૩૬૯-૧ ખાતે રહેતા માર્ગરેટબેન વસંતભાઈ પારેખ શ્વેતાબેનના ઘરના દરવાજા પાસે આવીને તમે અમારા વિશે કેમ વાતો કરો છો તેમ કહી ગાળો બોલી ગડદા પાટુનો માર મારવા લાગ્યા હતા. તે સમયે માર્ગરેટબેનનુ ઉપરાણુ લઈ તેમના પતિ વસંત પારેખ અને દિકરો જીગ્નેશ પારેખ આવી પહોંચીને બોલાચાલી અને ઝપાઝપી કરવા લાગ્યા હતા.

હોહા થતા સામે રહેતા મહિલા આવીને શ્વેતાબેનનો ઝપાઝપીમાંથી છોડાવ્યા હતા. ત્રણેય જતા જતા જાતિ વિષયક શબ્દો બોલી હવે અમારુ નામ લઈશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા શ્વેતા બેને સેકટર-૭ પોલીસ મથકે ત્રણેય વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે.

## મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે જિલ્લાકક્ષાનો ચેસ સ્પર્ધા સમર કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧૧

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધાનો જિલ્લાકક્ષાનો સમર કેમ્પ મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ખાતે યોજાઈ ગયો. જેમાં આજુબાજુમાંથી આશરે ૧૫૫ ભાઈઓ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આજરોજ ગાંધીનગર એસ.એ.જી.માંથી સિનિયર કોચ કૌશિકભાઈ પટેલ, વિભાગ વ્યાયામ મંડળના મંત્રી દિપકભાઈ શુકલ, આચાર્ય મનુભાઈ પ્રજાપતિ, પોર હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય, નિવૃત્ત શિક્ષક તેમજ અન્ય મહાનુભાવોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સિનિયર કોચે કેમ્પના સુંદર આયોજન બદલ અને પ્રશંસનીય કામગીરી બદલ શાળાના ઉત્સાહી શિક્ષક જે.બી. ચૌધરીને અભિનંદન પાઠવ્યા હતા. આ તબક્કે શાળાના આચાર્યએ હાર્દિક ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

# યુવતિને પ્રેમલગ્ન કરવા ભારે પડ્યા

## સાસરીયાઓએ દહેજની માંગ કરી યુવતિને કાઢી મુકી

ગાંધીનગર, તા.૧૧

પરિવારની મરજી વિરુધ્ધ મુંબઈમાં રહેતી યુવતિએ કોબા વિસ્તારમાં રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા. લગ્નના ગણતરીના સમય પછી પતિ અને સાસરી પક્ષના સભ્યો દહેજ માટે ત્રાસ ગુજારતા હતા. જેથી યુવતિએ આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુંબઈ બોરી વલી ઈસ્ટમાં રહેતી ૨૬ વર્ષિય પરિણિતા હાલમાં અમદાવાદ નજીક ગામમાં મામા સાથે રહે છે. તેણીએ ઈન્ટીરીયર ડીઝાઈનરનો કોર્ષ કરેલો છે.આજથી દોઢ વર્ષ અગાઉ તેના માતા-પિતાની મરજીથી નવા કોબા મહાવીર હિલ્સ ખાતે રહેતા ભૌતિક ચંદ્રેશભાઈ રાવલ સાથે સગાઈ થઈ હતી. સગાઈ બાદ ભૌતિક અને તેના પરિવારે આકરી શરતો મુકતા દિકરીના પરિવારે સગાઈ તોડી નાંખી હતી. તેમ છતા પરિણિતા ભૌતિક સાથે વાતચીત કરતી રહેતી હતી. બોરીવલી રહીને નોકરી કરતી યુવતિ-ભૌતિક સાથે પ્રેમના રંગમાં રંગાઈ જતા બંન્ને લવ મેરેજ કરી લીધા હતા.તે સમયે યુવકના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. પરંતુ યુવતિના પરિવારજનો લગ્નમાં હાજર રહ્યા ન હતા. લગ્નબાદ પરિણિતા સાસરી કોબા મહાવીર હિલ્સ ખાતે રહેવા માટે આવી હતી. લગ્નના ગણતરીના સમય પછી સાસરી પક્ષના સભ્યોએ દહેજ માટે પોતાનું સ્વરુપ દેખાડતા પરિણિતાને પોતાની ભુલનો અહેસાસ થયો હતો. પરંતુ પિયરની ઉપર વટ જઈને લગ્ન કર્યા હતા અને ઘર સંસાર બગડે નહી તે માટે પરિણિતા ત્રાસ સહન કરી રહી હતી.જયારે સાસુ-સસરા, જેઠ, મોટા સસરા, ફોઈ સાસુ ચઢાવણી કરતા પરિણિતાને પતિ ભૌતિક મારામારી પણ કરતો હતો. જયારે પરિણિતાને પિયરમાંથી દાગીના લઈ આવવા માટે પ્રેશર કરતા હતા. તો બીજીતરફ પરિણિતાને તેના પરિવારના સભ્યો સાથે વાત પણ કરવા દેતા ન હતા.ત્યારે ગત તા.૨૦ મે ના રોજ પતિ સહિત સાસરી પક્ષના સભ્યોએ દહેજની માંગ કરી ઝઘડો કરતા કંટાળીને પરિણિતા તેના મામાના ઘરે રહેવા માટે જતી રહી છે. ત્યારે પરિણિતાએ ઈન્ફોસીટી પોલીસ મથકે પતિ, સાસુ-સસરા સહિત અન્ય સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

## ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ઓમકારેશ્વર મહાદેવ, સેકટર-૪ ખાતે સવારે ૬થી ૮ કલાકે યોજાઈ હતી. આ યોગ શિબિરમાં શહેરની યોગપ્રેમી જનતા મોટા પ્રમાણમાં જોડાઈ હતી અને યોગ કોચ ભાવના જોષી દ્વારા યોગ શિબિરમાં યોગ તથા યોગથી થતા ફાયદા વિશે સુંદર માર્ગદર્શન આપ્યુ હતું. આ શિબિરમાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા પ્રમાણિત સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા.

## શિહોલી ગ્રુપ માધ્ય. ઉચ્ચ. માધ્યમિક શાળામાં કબડ્ડી સમર કેમ્પ આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક ગણાતું આકર્ષણ કેન્દ્ર સમા રમતગમતનું મેદાનમાં ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળામાં ગાંધીનગર તાલુકા કબડ્ડી સમર કેમ્પનું તારીખ ૪-૬-૨૦૨૨ થી ૧૩-૬-૨૦૨૨ સુધી ૧૦ દિવસ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન બદલ ગાંધીનગર રમત-ગમત કચેરી તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શાળાના વ્યાયામ શિક્ષક પી.જે. પટેલને અભિનંદન પાઠવ્યા છે.



ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર બનાવવામાં આવેલ અન્ડરગ્રાઉન્ડ ગટરોના ઢાંકણાઓની ગુણવત્તા સાવ નબળી છે. ગટરના ઢાંકણાઓ પરથી વાહનો પસાર થાય એટલે તે તુરંત તુટી જાય છે, જે જોખમરૂપ બને છે. ગ-૨ સર્કલ પાસે જ ગટરનું ઢાંકણુ તુટી જતા તે વાહનચાલકો માટે જોખમરૂપ બન્યુ છે.

## કોટેશ્વરમાં આપના કાર્યકરો ભાજપમાં જોડાયા



ગાંધીનગર, તા.૧૧

ભારતીય જનતા પાર્ટીની વિકાસ અને રાષ્ટ્રવાદની વિચારધારા તેમજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડડા, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના નેતૃત્વથી પ્રેરાઈને ગાંધીનગરના કોટેશ્વર વિસ્તારના આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપાના ૬ જૂનના રોજ ગાંધીનગર ખાતે આયોજિત કાર્યકર્તા સંમેલન દરમિયાન ભાજપમાં જોડાયા હતા. આ પ્રસંગે મહાનગરના ભાજપા પ્રભારીશ્રી મોહનભાઈ પટેલ, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોટેશ્વરના આમ આદમી પાર્ટીના સાગર પટેલ, ધર્મેશ પટેલ, અજય પટેલ ઉપરાંત ૨૦ જેટલા કાર્યકર્તાઓ અને સાથે સાથે તેમના સમર્થકોનું મંચસ્થ મહાનુભાવોએ ભાજપાનો ખેસ અને ટોપી પહેરાવી ભાજપમાં સ્વાગત કર્યું હતું.

## ભર તડકામાં 'ઠંડક' પહોંચાડવાનો 'પ્રયાસ'

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં અનેક સેવા સંસ્થાઓ તેમના સેવા કાર્યોની મહેક પ્રસરાવી રહી છે. શહેરની 'પ્રયાસ' સંસ્થાના સેવાભાવી યુવાનોએ બળબળતી બપોરે ઠંડી છાશ વિતરણનું સેવાકાર્ય હાથ ધર્યુ હતું. આ સેવાકાર્યમાં પેટીયું રળવા મજૂરી કરતા ફેરિયાઓ તેમજ શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદોને આવરી લીધાં હતા. આ સેવા યજ્ઞ માટે પ્રયાસ સંસ્થાને કિશોર ઈન્સ્ટીટ્યૂટ દ્વારા આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરમાં અંદાજે ૪૦૦ જેટલા લાભાર્થીઓને આવરી લેવાયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

## ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે બાળસુરક્ષા માટેનો વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે પોલીસ ફોર્સ અને સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ચાઈલ્ડલાઈન ૧૦૯૮ અને પ્રવાસી બંદૂ દ્વારા મુસીબતમાં મુકાયેલ બાળકો તેમાં પણ ખાસ કરીને માઈગ્રન્ટ પરિવારના બાળકોની સાળ સંભાળ તથા, બાળ તસ્કરી, બાલ મજૂરી, બાળ ભીક્ષાવૃતિ જેવા દૂષણો થી બાળકો ને કેવી રીતે બચાવી શકાય તેના માટે કયા કયા કાયદા ઉપલબ્ધ છે તેના વિષય પર એક વર્ષશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં બાળકો પર કામ કરતાં અલગ અલગ વિભાગ જેવા કે રેલ્વે પોલીસ ફોર્સ સ્ટાફ, પ્રવાસી બંદૂ પ્રોજેકટનો સ્ટાફ, ચાઈલ્ડલાઈન સ્ટાફ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર સ્ટાફ, નારી ગૃહ અને સખી વન સ્ટોપ સેન્ટર નો સ્ટાફ વગેરે જોડાયા હતાં.




સેકટર-૬ પ્રાથમિક શાળાની સામે બની રહેલા સરકારી મકાનો માટે બોર બનાવવામાં આવ્યો છે. આ બોરમાંથી ટેન્કરો દરરોજ પાણી ભરવા આવે છે. ટેન્કરોમાંથી ઉભરાતું પાણી રોડની સાઈડમાં વહે છે. જેના કારણે રોડ પર સતત કાદવ કીચડ થાય છે. આવતા જતાં વાહનચાલકોને ખુબ જ તકલીફ પડી રહી છે.

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

ગાંધીનગર જીલ્લાના માણસા પાસે પ્રતાપનગરમાં રસોઈયાબેન જોઈએ છે. રહેવાનું - જમવાનું - પગાર બ્રાહ્મણને અગ્રતા

૯૯૨૪૩ ૫૫૩૫૯